


સમગ્ર દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાના વિરોધમાં મહેસાણા જિલ્લા કોંગ્રેસના ઉપક્રમે મહેસાણા શહેરમાં રાજમહેલ રોડ ઉપર દેખાવો કરી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત તસ્વીર બહુચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ માનસિંહ ઠાકોર, મહેસાણા શહેર કોંગ્રેસ પ્રમુખ સી.કે. પટેલ સહિત જિલ્લાના પંચાયત અને તાલુકા પંચાયત અને કોર્પોરેટરો સહિત કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા. પોલીસે ધરપકડ કરી સાંજે છોડી મુક્યા હતા.

# રાજ્યમાં કોરોનાના નવા ૪૮૧ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૯ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૭૭૭૩૪ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૭૨ કેસ

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં કોરોના વાયરસના કેસોમાં હવે ભારે ઘટાડો થઈ ગયો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૪૮૧ કેસો નોંધાયા છે અને સામે ૧૫૨૬ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં કુલ ૨,૮૬,૪૫૯ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું.

જ્યારે અત્યાર સુધીમાં થયેલા કુલ રસીકરણની વિગતો નીચે મુજબ છે. રાજ્યમાં કોરોનાના કારણે વધુ ૯ દર્દીના મોત થતાં કુલ મૃત્યુઆંક ૯૯૮૫ પર પહોંચ્યો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૭૯૭૭૩૪ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. જ્યારે કુલ એક્ટિવ કેસો ૧૧૬૫૭ છે જેમાં ૨૯૬ દર્દીઓ વેન્ટિલેટર પર છે અને ૧૧૩૬૧ દર્દીઓ સ્ટેબલ છે.

ગુજરાતના મોટા શહેરોમાં કોરોના વાયરસના કેસોની સ્થિતિ પર નજર કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૬૯, સુરતમાં ૬૨, વડોદરામાં ૫૧, રાજકોટમાં ૨૪ નવા કેસો નોંધાયા છે. જ્યારે અન્ય શહેરોમાં કોરોનાના કેસોની સ્થિતિ પર નજર કરીએ તો ગીર સોમનાથ અને જામનગરમાં ૧૫, અમરેલી અને ભરૂચમાં ૧૨, આણંદમાં ૧૧, મહીસાગર અને નવસારીમાં ૧૦, જુનાગઢ-ખેડા-પોરબંદરમાં ૯, ગાંધીનગર અને વલસાડમાં ૮, દેવભૂમિ દ્વારકા-કચ્છમાં ૭, પંચમહાલ અને સાબરકાંઠામાં ૬, મહેસાણામાં ૫, બનાસકાંઠામાં ૪, નર્મદામાં ૩, ભાવનગર અને મોરબીમાં ૨, અરવલ્લી-ડાંગ-સુરેન્દ્રનગરમાં ૧ કેસ નોંધાયો છે.

## એક તરફી પ્રેમમાં પાગલ પ્રેમીએ યુવતીની છેડતી કરતા ચકચાર મચી

એક તરફી પ્રેમમાં પાગલ યુવકે ૩૨ વર્ષીય યુવતીને પકડી તું મારી સાથે લગ્ન કરી લે, હું તારા વિના નહીં જીવી શકું તેમ કહી શારીરીક છેડતી કરી હતી. આ અંગે યુવતીએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. દાણીલીમડામાં રહેતી ૩૨ વર્ષીય યુવતી ઘરની પાસે શાકભાજીની લારી ધરાવી વેપાર કરે છે. યુવતીના ઘર પાસે રહેતો એક યુવક અવાર નવાર યુવતીનો પીછો કરતો અને ગંદા ઈશારા કરતો હતો. જો કે યુવતીએ આ અંગે કોઈ ધ્યાન આપ્યું ન હતુ. એક દિવસ રાત્રીના સમયે યુવતી શાકની લારી લઈને ઘર તરફ જતી હતી ત્યારે આ યુવક અચાનક યુવતીની પાછળ આવીને શારીરીક અડપલા કરીને તું મારી સાથે લગ્ન કરી લે હું તારા વિના નહીં રહી શકુ તેમ કહીને પરેશાન કરવા લાગ્યો હતો.

# યાત્રાધામ અંબાજીમાં વિનામૂલ્યે ભોજન પ્રસાદ (સદાવ્રત) શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય

### સદાવ્રતનું સંચાલન જય જલિયાણ ફાઉન્ડેશન કરશે

પરમ આસ્થા અને ભક્તિનું કેન્દ્ર બિંદુ તથા શક્તિ, ભક્તિ અને પ્રકૃતિના ત્રિવેદી સંગમ સમાન શક્તિપીઠ અંબાજી બનાસકાંઠા જિલ્લામાં આવેલું છે. અરવલ્લીની ગીરીમાળામાં બિરાજમાન શક્તિ સ્વરૂપા માં જગદંબાના દર્શને વર્ષમાં અંદાજિત ૧ કરોડ જેટલાં દર્શનાર્થીઓ માં અંબેના ચરણોમાં વંદન કરી ધન્યતા અનુભવે છે.

હાલમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા અંબિકા ભોજનાલયનું સંચાલન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ માં ૧૭.૧૨ લાખ, વર્ષ ૨૦૧૮-૧૯ માં ૧૯.૮૩ લાખ તથા વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૯.૧૭ લાખ યાત્રાળુઓએ અંબિકા ભોજનાલયમાં ભોજનનો લાભ લીધો છે. અંબાજી ખાતે આવતા યાત્રાળુઓની સુવિધા તથા સુખાકારી માટે રાજ્ય સરકારશ્રી, બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર તથા અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ સતત પ્રયત્નશીલ છે તેમજ દર્શનાર્થે આવનાર યાત્રાળુઓને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરવા કટીબધ્ધ છે.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ કમ બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ યાત્રાળુઓ માટે ઉત્તમ સુવિધાઓ આપવામાં આવી રહી છે. જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ અંબિકા ભોજનાલય અંબાજી ખાતે તા.૧૪/૦૬/૨૦૨૧ થી વિનામૂલ્યે ભોજન (સદાવ્રત) શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય કરવામાં આવે છે કે, માં અંબાના દર્શનાર્થે અંબાજી આવતા શ્રદ્ધાળુઓ શ્રી અંબિકા ભોજનાલય ખાતે સવારે-૧૦.૦૦ થી ૩.૩૦ તથા સાંજે ૬.૦૦ થી ૧૦.૦૦ સુધી વિનામૂલ્યે ભોજન (સદાવ્રત)નો લાભ લઈ શકશે. સવારે-૧૦.૦૦ થી ૩.૩૦ સુધી રોટલી/પૂરી, શાક, બુંદી, દાળ-ભાત, ગાંઠિયા, પાપડ અને સાંજે- ૬.૦૦ થી ૧૦.૦૦ સુધી ભાખરી, શાક, ખીચડી, કઢી, પાપડનું વિનામૂલ્યે ભોજન મા અંબાના પ્રસાદરૂપે આપવામાં આવશે. આ સદાવ્રતની સેવા જય જલિયાણ ફાઉન્ડેશન સંચાલિત જલિયાણ સદાવ્રત દ્વારા કરવામાં આવશે. તા. ૧૪ જૂન-૨૦૨૧થી પ્રાયોગિક ધોરણે ૩ માસ સુધી અંબિકા ભોજનાલય ખાતે સદાવ્રત શરૂ કરવામાં આવશે. આ સંપૂર્ણ વ્યવસ્થા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજીના અધ્યક્ષ કમ બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલની આગેવાની હેઠળ સંચાલન કરવામાં આવશે. શક્તિપીઠ અંબાજી ખાતે શરૂ થનાર આ સદાવ્રતમાં આપણે સૌ સહભાગી થઈએ તથા હિન્દુ સંસ્કૃતિના ધામ તરીકે અંબાજીને વિકસાવવાના આ ઐતિહાસિક નિર્ણયના સાક્ષી બની વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરીએ તેમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી એસ. જે. ચાવડાએ જણાવ્યું છે.

### બનાસકાંઠા આરોગ્ય વિભાગનો વધુ એક છબરડો

# પાલનપુરમાં ૩ લોકોએ રસીનો બીજો ડોઝ લીધો હોવાનો મેસેજ આવ્યો

### બીજો ડોઝ લીધો ન હોવા છતાં મેસેજ આવતા છતી થઈ બેદરકારી

બનાસકાંઠા જિલ્લામાં કોરોના રસીકરણને લઈને આરોગ્ય વિભાગનો વધુ છબરડો સામે આવ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

પાલનપુરમાં ૩ લોકોએ રસી નો બીજો ડોઝ ન લીધો હોવા છતાં તેમને આરોગ્ય વિભાગ તરફથી સેકન્ડ ડોઝ આપ્યો હોવાનો મેસેજ આવતા આરોગ્ય વિભાગની બેદરકારી સામે આવી હતી.

પાલનપુરમાં ઈશાન પઢીયાર નામના યુવક તેમજ વસંત આચાર્ય અને તેમની પત્નીને વેકસીનનો બીજો ડોઝ આપ્યો હોવાનું ઓનલાઈન સર્ટી ઈસ્યુ કરાયું હતું.

આ ત્રણેય લોકોને હજુ રસીનો બીજો ડોઝ લેવાનો બાકી છતાં રસી અપાયાનું સર્ટી ઈસ્યુ કરતા આરોગ્ય વિભાગની બેદરકારી છતી થઈ હતી. હવે આ ત્રણેય લોકોને રસીનો બીજો ડોઝ કેવી રીતે અપાશે તે સવાલ આ ત્રણે લોકોને સતાવી રહ્યો છે.



## પાલનપુરના એરોમા સર્કલ પર કન્ટેનર પલટી ખાતા ટ્રાફિક જામ

પાલનપુર શહેરના એરોમા સર્કલ ઉપર કન્ટેનર પલ્ટી મારતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયાં હતાં. જો કે, ટ્રાફિક પોલીસની ટીમે પાંચેક કલાકની ભારે જહેમત બાદ કન્ટેનરને રોડની સાઇડ ઉપર કરાવી ટ્રાફિક ખુલ્લો કરાવતા લોકોએ રાહત અનુભવી હતી. પાલનપુર શહેરના એરોમા સર્કલ ઉપર કન્ટેનર પલ્ટી મારતા હાઈવે ઉપર ટ્રાફિક જામ થઈ ગયો હતો. જે અકસ્માતમાં ૨ લોકોને ઈજા થતાં તેઓને સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતને પગલે એક કિલો મીટરથી વધુ લાંબી વાહનો ની લાઈનો લાગી ગઈ હતી. જો કે, આ ઘટનામાં સદનસીબે જાનહાની ટળી હતી. બનાવના પગલે પોલીસે ઘટનાસ્થળે પહોંચી જઈ ટ્રાફિક હટાવવાની કામગીરી હાથ ધરી હતી. જેમા જિલ્લા ટ્રાફિક પીએસઆઈ ડી.આર.પારગી, સીટી ટ્રાફિક પીએસઆઈ એચ.બી. પરમાર તથા સ્ટાફના માણસો ટીઆરબી કર્મચારીઓએ સાથે રહી પાંચ કલાકની જહેમત બાદ પાંચ જેટલા ક્રેઇનની મદદ થી હેવી કન્ટેનરને સાઈડ ઉપર કરી ટ્રાફિક ખુલ્લો કરાવતા લોકોએ રાહત અનુભવી હતી.

## ટ્રેનમાં દારૂની હેરાફેરી કરતી મહારાષ્ટ્રની ૪ યુવતીઓ ઝબ્બે

અમદાવાદ,તા.૧૧

દારૂની ખેપ મારવા માટે હાઈપ્રોફાઈલ મહિલાઓની જેમ ટ્રેનમાં બેસીને અમદાવાદ આવતી ચાર યુવતીઓને કૃષ્ણનગર પોલીસે ૨૧૪ બીયરના ટીન સાથે ધરપકડ કરી છે. મહારાષ્ટ્રની ચારેય યુવતીઓ દારૂનો જથ્થો બેગમાં મુકીને ટ્રેનના અલગ અલગ કોચમાં બેસી જતી હતી અને અમદાવાદ આવીને બુટલેગરને દારૂનો જથ્થો આપતી હતી. મુસાફરી દરમિયાન એકબીજા સાથે વાત પણ કરતી ન હતી જેથી કોઈને શંકા ન જાય અને ફિલ્મી સ્ટાઈલે દારૂની હેરાફેરી કરનાર આ મહિલાઓ ઝડપાઈ જતા જે તે બુટલેગર સામે પણ કાર્યવાહી કરવાનું પોલીસે શરૂ કર્યું છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પીઆઈ એજે ચૌહાણની ટીમને બાતમી મળી હતી કે નવા નરોડા વિસ્તારમાં આવેલી નવી કેનાલ પાસે મહારાષ્ટ્રની કેટલીક યુવતી વિદેશી દારૂનો જથ્થો લઈને પસાર થવાની છે. બાતમીના આધારે કૃષ્ણનગર પોલીસની ટીમે વોચ ગોઠવી હતી. જેમાં ચાર યુવતીઓ ત્યાથી પસાર થઇ હતી તેમને જોતાની સાથે પોલીસે તેમની અટકાયત કરી હતી અને થેલાની તલાશી લીધી હતી. પોલીસને યુવતીના થેલામાંથી બીયરનો જથ્થો મળી આવ્યો હતો. કૃષ્ણનગર પોલીસે મહારાષ્ટ્રની અલગ અલગ જગ્યા પર રહેતી લક્ષ્મી માછરે, પુર્ણીમા ભાટ, પુજા તમાઉચીકર અને સુનિતા ટીડેગેની ૨૧૪ બીયરના ટીન સાથે ધરપકડ કરી છે.

### હેલ્થવર્કરની ખાલી જગા ભરવા માંગ

# ઉત્તર ગુજરાતમાં હેલ્થવર્કર પરીક્ષાની તૈયારી કરનારા ઉમેદવારોમાં નારાજગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ઉત્તર ગુજરાતમાં મલ્ટીપર્પજ હેલ્થવર્કર અને ફીમેલ હેલ્થવર્કરની જગ્યાઓ ખાલી હોવા છતાં છેલ્લા ૫ વર્ષથી કોઈ ભરતી થઈ ન હોવાથી પરીક્ષાની તૈયારી કરનારા ઉમેદવારોમાં નારાજગી છે. સમગ્ર ગુજરાતમાં ૫૫૦૦ જેટલી ખાલી જગ્યાઓ છે જેથી સરકાર ત્રીજી લહેર પૂર્વે ભરતી કરે તેવી માંગ થઈ છે. પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારોની ઉંમર વધી રહી છે પરંતુ સરકાર ભરતી મુદ્દે ઘટતું કરતી ન હોવાથી આરોગ્યલક્ષી ભરતી માટેની તૈયારી કરનારા ઉમેદવારોનું ભાવિ અદ્ધરતાલ છે.

હેલ્થ વર્કરોની ભરતી પરીક્ષાનું આયોજન સરકારના ૧૦ વર્ષના ભરતી કેલેન્ડર પ્રમાણે વર્ષ-૨૦૧૩ થી ૨ વર્ષ માટે થયું હતું. છેલ્લે વર્ષ-૨૦૧૬માં કેટલાક જિલ્લાઓમાં ભરતી કર્યા પછી કોઈ સીધી ભરતી કરવામાં આવી નથી. જેના કારણે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં મલ્ટીપર્પજ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થવર્કરની ભરતીમાં પરીક્ષા માટેની તૈયારી કરી રહેલા ઉમેદવારોમાં રોષ જોવા મળી રહ્યો છે. ઉમેદવારોના કહેવા મુજબ મલ્ટીપર્પજ હેલ્થ વર્કર અને હેલ્થ વર્કરની જગ્યાઓ ખાલી છે પરંતુ ૫ વર્ષથી સીધી કોઈ ભરતી કરવામાં આવી નથી.

ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સ્ટાફની અછત વચ્ચે કોરોનાની ત્રીજી લહેરની આશંકાઓ વચ્ચે સરકારે કોરોનાની ત્રીજી લહેર ઉપર અંકુશ મૂકવાની તૈયારીઓ કરી છે ત્યારે સરકાર તાત્કાલિક કોરણે ભરતી કરે તે જરૂરી છે. ત્રીજી લહેર પૂર્વે ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે કેટલાક જિલ્લાઓમાં તો ઉમેદવારો દ્વારા આવેદનપત્ર આપવાની શરૂઆત થઈ છે. ઉલ્લેખનીય છે કે ઉમેદવારો આ મુદ્દે આવેદન આપી સરકાર સામે મુશ્કેલી ઉભી કરે તે અગાઉ સરકારે પણ પસંદગી સમિતિઓ દ્વારા થતી ભરતીઓ બંધ કરી સીધી સરકાર દ્વારા ભરતી કરવાનો નિર્ણય લીધો છે.

# ડીસા સી.એ.ના પત્ની મર્ડર કેસનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

### પત્નીની હત્યા કરી આત્મહત્યામાં ખપાવનાર સી.એ.સહિત બે આરોપી ઝડપાઇ ચુક્યા છે

બનાસકાંઠાના ડીસામાં છ મહિના અગાઉ બનેલી ચકચારી ઘટના ઝછ ની પત્નીની હત્યા કેસ નો મુખ્ય આરોપી ને પોલીસે દબોચી લીધો છે. સી એ ના કહેવાથી તેની પત્ની ની હત્યા કર્યા બાદ છ મહિનાથી ફરાર આ હત્યારા ને ઝડપી પોલીસે જેલના હવાલે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ડીસામાં છ મહિના અગાઉ ઝછ એ તેના બે મિત્રો સાથે મળી તેની પત્નીની હત્યા અકસ્માત માં ખપાવી દેવાની ઘટના બની હતી. જે કેસમાં હત્યારા પતિ અને તેના એક મિત્રની ધરપકડ થઈ ગઈ હતી જ્યારે આ કેસ માં છેલ્લા ૬ મહિનાથી ફરાર મુખ્ય સૂત્રધાર પણ હવે પોલીસના હાથે ઝડપાઈ ગયો છે આ સમગ્ર કેસની વિગતો જોઈએ તો ડીસાના જાણીતા ઝછ લલિત માળી અને તેમની પત્ની દક્ષાબેન બન્ને ગેળા હનુમાનજી ના દર્શન કરવા પગપાળા જઈ રહ્યા હતા અને કાપરા ગામ પાસે ઝછ લલિત પત્ની થી દુર ચાલી રહ્યા હતા તે સમયે અજાણી કારે ટક્કર મારતા દક્ષાબેન નું ઘટનાસ્થળે મોત થયું હોવાની ફરિયાદ ભીલડી પોલીસ મથકે નોંધાઈ હતી. બાદમાં મૃતક ના પતિ ઝછ લલિત એ ચક્ષુદાન કર્યું હતું , સમાજ ના વિકાસ માટે અલગ અલગ જગ્યાએ દાન કરી સમાજના લોકોની સહાનુભૂતિ મેળવવાની કોશિશ કરી હતી , જોકે બાદમાં સમગ્ર ઘટના બાબતે પોલીસ ને શંકા જતા તપાસ હાથ ધરી હતી જેમાં મૃતક દક્ષા ના નામે આઠ માસ અગાઉ ૧.૨૦ કરોડ



નો વીમો લેવામાં આવ્યો જતો અને રૂ ૧૭ લાખ ઉપરાંત ની કિંમતની ક્રેટા ગાડી મૃતક ના નામે લાવીને મિત્ર ને આપી હતી જે પોલીસને શંકા જતા ભીલડી પોલીસે ઝીણવટ ભરી તપાસ હાથ ધરી હતી અને ઝછ લલિત માળી ને બોલાવી કડક પૂછપરછ કરતા આખરે તેણે તેની પત્ની અકસ્માત નો પ્લાન ઘડ્યો હોવાની કબૂલાત કરી હતી.

જેમાં તેના મિત્ર ને રૂ ૨ લાખ આપી સ્વીફ્ટ ગાડીથી ટક્કર મારવાનો પ્લાન ઘડ્યો હતો અને પ્લાન મુજબ ઝછ લલિત માળી ડીસા થી ગેળા હનુમાનજી મંદિર ચાલતા જય રહ્યા હતા તે સમયે કાપરા ગામ પાસે લલિત તેની પત્ની થી દુર ચાલી રહ્યો હતી તે સમયે તેના મિત્ર દક્ષાબેન ને ટક્કર મારી નાસી છૂટ્યો હતો અને બાદમાં ઝછ લલિત માળી એ ડીસા ૧૦૮ મેં ફોન કરી બોલાવેલ અને જે અકસ્માત કરવા માટે સોપારી આપી હતી તે મિત્ર પણ દોડી આવ્યો હતો અને મદદ એ લાગ્યો હતો.

આમ આ હત્યાનો ભેદ ઉકેલી જતા તે સમયે પોલીસે હત્યારા પતિ લલિત ટાંક અને તેને મદદ કરનાર મહેશ માળી ની ધરપકડ કરી હતી જ્યારે ગાડી થી ટક્કર મારનાર મુખ્ય આરોપી કીર્તિ સાંખલા છેલ્લા છ મહિનાથી ફરાર હતો તેને પણ પોલીસે બાતમી ના આધારે છાપી પાસેથી ઝડપી જેલના હવાલે કરી દીધો છે આમ આ ચકચારી હત્યા કેસના ત્રણેય આરોપીઓ ને પોલીસે પકડી પાડયા છે.

## સાબરકાંઠા, અરવલ્લીમાં સામાજીક વનીકરણ હેઠળ ૨૦ લાખથી વધુ રોપા વિતરણ કરવાની તૈયારી

### ગત વર્ષે વિતરણ કરાયેલા ૨૭ લાખ રોપાનો હિસાબ નથી, વન વિભાગ લીલાં ચશ્માં પહેરાવવાની ફીરાકમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસુ બારણે ટકોરા મારવા લાગતાં ખેડૂતોએ ખરીફ વાવેતરની તૈયારીઓ આરંભી છે. વન વિભાગે દર વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લાને હરિયાળો બનાવવા માટેની આગોતરી તૈયારીઓ શરૂ કરી છે જેમાં બંન્ને જિલ્લામાં સામાજીક વનીકરણ હેઠળ અંદાજીત ૨૦ લાખથી વધુ રોપાનું વિતરણ કરવાનું આયોજન થઈ રહ્યું છે. ગત વર્ષે બંન્ને જિલ્લાના ૧૪ તાલુકામાં વન વિભાગ દ્વારા ૨૭ લાખ રોપા વિતરણ થયા હતા જેનો કોઈ હિસાબ જડતો નથી ત્યાં ચોમાસુ નજીક આવતાં વન વિભાગ ફરીથી લીલાં ચશ્માં પહેરાવવાની ફીરાકમાં છે.

દર વર્ષે વૃક્ષો વાવો, વરસાદ લાવો..ના સ્લોગન સાથે ચોમાસામાં ઠેર ઠેર વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાતા હોય છે. વૃક્ષારોપણના ફોટા સોશ્યલ મીડીયા તેમજ અખબારોમાં પ્રસિદ્ધ થઈ ગયા પછી રોપાનો ઉછેર હોંશિયામાં ધકેલાઈ જતો હોય છે જેથી જિલ્લાને હરિયાળો બનાવવા માટેના આયોજનો તાયફારૂપ બની રહ્યાં છે. સામાજીક સંસ્થાઓ વૃક્ષારોપણ કરી પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવવાનો પ્રયાસ કરે છે પરંતુ વન વિભાગ તેમાં સદંતર નિષ્ફળ રહ્યું છે. લીલા વૃક્ષોનું આડેધડ નિકંદન નિકળતાં પર્યાવરણ જોખમમાં મૂકાયું છે. ચોમાસુ હવે નજીક છે ત્યાં વન વિભાગ દ્વારા વૃક્ષારોપણના લક્ષ્યાંક સાથે આંકડાઓની માયાજાળ ગોઠવવાની શરૂઆત થઈ છે. વન વિભાગની નર્સરીઓમાં વિવિધ પ્રકારના રોપાઓ અગાઉથી તૈયાર રાખ્યા છે અને વરસાદની પધરામણી થાય કે તરત જનભાગીદારીથી જિલ્લાને વૃક્ષોથી હર્યો ભર્યો બનાવી દેવાશે. બંન્ને જિલ્લામાં આ વખતે ૨૦ લાખથી પણ વધુ રોપાનું વિતરણ કરવાનું આયોજન અંદરખાને ગોઠવાઈ રહ્યું છે. સામાજીક વનીકરણ હેઠળ દર ચોમાસે રોપા વિતરણના આયોજનો થાય છે પરંતુ રોપા પૂર્ણરૂપમાં ઉછર્યા કે નહીં..?? તેની કોઈ તસ્દી આજ દિન સુધી લેવાઈ નથી જેથી જિલ્લાને હરિયાળો બનાવવામાં તંત્ર કાગળ ઉપર જ વૃક્ષ ઉછેર કરતું હોય તેવું લાગી રહ્યું છે.

# મહેસાણામાં ટેક્સ આસિસ્ટન્ટ અને પટાવાળો ૪૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપાયા

મહેસાણા,તા.૧૧

જિલ્લાની ઈક્મટેક્ષ ઓફિસમાં એક અરજદારનું પાનકાર્ડ ખોવાઈ ગયું હોવાથી તેના નંબરની જાણકારી માટે સંપર્ક કરવામાં આવ્યો હતો. જ્યાં ટેક્સ અસિસ્ટન્સના ટેબલ પર પોતાનો પાનકાર્ડ નંબર જાણવા રકજક કરતા ટેક્સ આસિસ્ટન્ટ હર્ષદભાઈ નાયી અને પટાવાળો અલ્પેશ શ્રીમાળી દ્વારા ૫૦૦ રૂપિયાની લાંચ માગવામાં આવી હતી.

આ અરજદાર લાંચ આપવા ન ઈચ્છતા હોવાથી તેમને સમય સુચકતા અને સાવધાનીપૂર્વક મહેસાણા લાંચ રૂશ્વત વિરોધી ટીમનો સંપર્ક કર્યો હતો. જે બાદ એસીબીની ટીમે અરજદાર સાથે રહી મહેસાણા ઈક્મટેક્સ ઓફિસમાં છટકું ગોઠવી ટેક્સ આસિસ્ટન્ટ વતી ૪૦૦ રૂપિયાની લાંચ લેતા પટાવાળાને રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

મહેસાણા એસીબીની ટીમે મહેસાણા ઈક્મટેક્સ ઓફિસમાં લાંચીયા કર્મચારીઓને પકડવામાં સફળતા મળી હતી. ફરિયાદીની ફરિયાદના આધારે પાનકાર્ડ નંબર જાણ કરવા મામલે ૪૦૦ રૂપિયા લાંચ માગવાના પ્રકરણમાં ટેક્સ આસિસ્ટન્ટ હર્ષદભાઈ કાંતિભાઈ નાયી વર્ગ૩ સરકારી કર્મચારી અને કરાર આધારિત ફરજ બજાવતા પટાવાળા અલ્પેશ બળદેવભાઈ શ્રીમાળી સામે લાંચની રકમ માગી સ્વીકારવા મામલે ગુનો નોંધી અટકાયત કરતા તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## કેમ મંજૂરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે કે નહી. પહેલાં અને અત્યારે હાઈરાઈઝ બિલ્ડીંગ અને હોસ્પિટલોની પરિસ્થિતિ કેવી છે તેની ઉપર વાત કરવી જરૂરી છે. બિલ્ડીંગોની એનઓસી અને ફાયર સેફ્ટી ન હોય એવા આંકડા વધી રહ્યા છે. ભૂતકાળમાં અને વર્તમાનમાં શું પગલાં તે લીધા તે જણાવો. સરકારે જવાબ આપતાં કહ્યું કે કાયદ હેઠળ અમે પગલાં ભરતાં જ હોઈએ છીએ. એનઓસી અને બિયુ પરમિશન માટે વધુ સમય આપો. ગેરકાયદેસર બિલ્ડીંગોના આંકડા દિન પ્રતિદિન વધી રહ્યા છે. હાઈકોર્ટે કહ્યું હતું કે શું પગલાં લેશો તે તાત્કાલિક જણાવો, હાઈકોર્ટે રાજ્ય સરકારની ઝાટકણી કાઢતાં કહ્યું કે તમારી પાસે ટેક્સ કલેક્ટ કરવા માટે પુરતો ડેટા છે. પરંતુ ગેરકાયદેસર બિલ્ડીંગોનો ડેટા નથી. ગત સુનવણીમાં અમે તમને આજ ટિપ્પણી કરી હતી. જે બિલ્ડીંગ પાસે બિયુ પરમિશન નહી હોય તેને સીલ કરવામાં આવશે અથવ તો ડીમોલેશન કરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટે આગળ કહ્યું કે જે બિલ્ડીંગ પાસે બિયુ પરમિશન નથી તેની પાસે ફાયર એનઓસી ક્યાંથી આવે છે. કેટલીક હોસ્પિટલો રહેણાંક વિસ્તારોમાં ચાલતી હોય છે તમે તેમની વિરૂદ્ધ કોઈ પગલાં લીધા કે પછી એજ પ્રકારે ચાલુ રહેવા દેવાની છે. તમે હજુ કેમ કહેતા નથી કે તમે શું પગલાં લેશો. કાયદાના એક્ટ હેઠળ કામગીરી થઈ રહી છે તેની ગેરન્ટી છે. તમારી પાસે કોઈ સોલ્યૂશન નથી. આગામી સુનાવણી દરમિયાન કોર્પોરેશન અને સરકાર અમને કોક્રીંટ પ્લાન અને કાયમી નિરાકારણ આપે. આગામી દસ વર્ષ સુધી આપણે રાહ જોવી નથી, આ વખતે આનું નિરાકારણ લાવવું છે. હવે સમય નહી મળે નિરાકરણ જોઈએ. અત્યાર સુધી અમે તમને ઘણો સમય આપી ચૂક્યા છીએ. સરકારે કહ્યું હતું કે અમે બિલ્ડીંગો સીલ કરીશું અથવા નવી બિલ્ડીંગોને શરૂ કરવાની પરમિશન નહી આપીએ. અમે કોર્ટને નિરાશ કરીશું નહી.

## ઘરવાપસી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી છે. પરંતુ મમતા બેનર્જીએ સ્પષ્ટ કર્યું કે વિશ્વાસઘાતીઓને ફરીથી પાર્ટીમાં સ્થાન નહીં મળે.

ઉલ્લેખનીય છે કે મુકુલ રોય વર્ષ ૨૦૧૭ માં ટીએમસી છોડીને ભાજપમાં જોડાયા હતા, અને આ વર્ષે રાજ્યમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે ટીએમસીના ઘણા નેતાઓને ભાજપમાં જોડાવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા કહેવામાં આવી રહી હતી. પરંતુ ચૂંટણી બાદ મુકુલ રોયનો ભાજપથી ’ભ્રમ’ થયાના અહેવાલો આવ્યા હતા. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, જ્યારે મુકુલ રોય અને તેમની પત્ની કોરોના સંક્રમણની લપેટમાં આવ્યા, ત્યારે ભાજપના નેતાઓએ તેમની શોધમાં વધુ સમય લીધો ન હતો. પરંતુ બાદમાં જ્યારે મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જી તેમને મળવા આવ્યા ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુકુલ રોય સાથે ફોન પર વાત કરી. જો કે તે સમયે રોયે ટ્વીટના આ અહેવાલોને ફગાવી દીધા હતા અને પોતાને ભાજપનો સૈનિક ગણાવ્યા હતા. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી બાદ ભાજપને એક પછી એક નેતાઓ છોડી રહ્યા છે. જોકે એક સમયે ટીએમસીમાં રહેલા અને ભાજપમાં જોડાયેલા રાજ્યના દિગ્ગજ નેતા અને ભાજપના રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ મુકુલ રોય ફરી ટીએમસીમાં સામેલ થઈ ગયા છે. મુકુલ રોયના નિર્ણય બાદ ભાજપની છાવણીમાં સન્નાટો છે. આમ તો ટીએમસીમાંથી ભાજપમાં જોડાયેલા એક પછી એક નેતાઓ ટીએમસીમાં જવા માટે ઈચ્છા વ્યક્ત કરી ચુકયા છે પણ મુકુલ

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧